# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત અધિનિયમ નં. ૨૩/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Established vide Government of Gujarat Act No. 23/2015]

*પરીપત્ર:*

**વિષય : ચાઈનીઝ દોરા, માંજા,નાયલોન દોરા, ચાઈનીઝ લેન્ટર્નનાં ઉપયોગ પર મુકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવર તથા લોક જાગૃતી માટે જરૂરી પગલા લેવા બાબત**
**સંદર્ભ : રાજ્યસરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક :વિ–૨/ડીએસએમ/૧૩૨૦૧૫/એચ.સી.૦૨(પા.ફા.)**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,અધ્યાપકશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર/ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે સંદર્ભ પત્ર અનુસાર ઉતરાયણના તહેવાર દરમ્યાન ચાઈનીઝ દોરા, માંજા,નાયલોન દોરા, ચાઈનીઝ લેન્ટર્ન તથા અન્ય નુકશાન કારક પદાર્થોથી બનેલ વસ્તુઓ પર રાજય સરકારશ્રી દ્વારા મુકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન થાય તેમજ વિદ્યાર્થીઓ ચાઈનીઝ દોરા, માંજા,નાયલોન દોરા, ચાઈનીઝ લેન્ટર્નના ઉપયોગથી લોકો, પશુઓ, પક્ષીઓ તથા પર્યાવરણને થતા નુકશાન અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવા માટે "AWARNESS PROGRAM" અંગેના પ્રયાસો સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓએ તથા અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓએ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓએ તેમની કક્ષાએથી કરવા અનુરોધ કરવામાં આવે છે.

કા. કુલસચિવ

**ક્રમાંક :બીકેએનએમયુ/સામાન્ય વહિવટ વિભાગ/ 05 /૨૦૨૩**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ
તા : ૧૩/૦૧/૨૦૨૩

**પ્રતિ,**
**યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજાના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્ર/ભવનોના વડાશ્રીઓ તરફ...**

**નકલ રવાના :–**

1) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ...
2) આઈ.ટી.સેલ., વેબસાઈટ પર પ્રસિઘ્ધ કરવા અર્થે...

# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

સરદારબાગ પાછળ, શશીકુંજ સામે, જુનાગઢ–૩૬૨૦૦૧
ફોન નં.૦૨૮૫–૨૬૩૪૦૮૮ ઈમેઈલ: home-jun@gujarat.gov.in

ખુબ–જરૂરી /નામ. ગુજ. હાઈકોર્ટ મેટર
નં.એમએજી/સી/ઉત્તરાયણ/સુચના/વશી.૯૬/૨૦૨૩ તા.૦૯/૦૧/૨૦૨૩

પ્રતિ,

(૧) કમિશનરશ્રી, મહાનગરપાલીકા, જુનાગઢ
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ
(૩) પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ
(૪) રજીસ્ટ્રારશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ
(૫) રજીસ્ટ્રારશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ
(૬) જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ
(૭) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી, જુનાગઢ
(૮) નાયબ માહિતી નિયામકશ્રી, જુનાગઢ
(૯) ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા, તમામ (જુનાગઢ જિલ્લો)

વિષય:– ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા, ચાઈનીઝ લેન્ટર્નનાં ઉપયોગ પર મુકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા તથા લોકજાગૃતિ માટે જરૂરી પગલા લેવા બાબત.

સંદર્ભ:– ૧. સરકારશ્રીનાં ગૃહ વિભાગ, ગાંધીનગરનાં ઈમેઈલ, તા.૦૭/૦૧/૨૩
૨. સરકારશ્રીનાં ગૃહ વિભાગ, ગાંધીનગરનાં તા.– નાં પત્ર ક્ર.વિ–૨/ડીએસએમ/ ૧૩૨૦૧૫/એચ.સી.૦૨(પા.ફા.)

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ–૧ તળેનાં ઈ–મેઈલ તથા સંદર્ભ–૨ તળેનાં પત્રની નકલ આ સહ સામેલ રાખી મોકલવામાં આવેલ છે. સદર ઈમેઈલ/પત્રથી આગામી ઉત્તરાયણનાં તહેવારો દરમ્યાન ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા, ચાઈનીઝ લેન્ટર્નનાં ઉપયોગ પર મુકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા તથા લોકજાગૃતિ માટે જરૂરી પગલા લેવા બાબતે સુચના થઈ આવેલ છે. જે અન્વયે,

| ક્રમ | વિગત | અમલવારી |
|---|---|---|
| ૧ | સોશિયલ મીડીયા ઉપરાંત પ્રિન્ટ મીડીયા, ઈલેકટ્રોનીક મીડીયા, ટીવી ચેનલનો અસરકારક ઉપયોગ કરવો. | **નાયબ માહિતી નિયામકશ્રી, જુનાગઢ** યોગ્ય પ્રેસ નોટ તૈયાર કરી તેની બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરાવવી તેમજ સરકારશ્રીની સુચનાનુસાર અન્ય માધ્યમોથી પણ પ્રસિધ્ધી કરવી. |
| ૨ | જયાં મોટા પ્રમાણમાં લોકો એકત્ર થતા હોય તેવા સ્થળોએ Public announcement system નો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવો. | –કમિશનરશ્રી, મહાનગરપાલીકા, જુનાગઢ (મનપા વિસ્તાર)<br>–જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ (ગ્રામ્ય વિસ્તાર)<br>–ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા, તમામ (નગરપાલીકા વિસ્તાર) |
| ૩ | સમગ્ર રાજયમાં લગાવવામાં આવેલ LED Screen ઉપર આ બાબતે સમયાંતરે Audio-Visuals પ્રસારીત થાય તે માટે વ્યવસ્થા ગોઠવવી. | –કમિશનરશ્રી, મહાનગરપાલીકા, જુનાગઢ (મનપા વિસ્તાર)<br>–જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ (ગ્રામ્ય વિસ્તાર)<br>–ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા, તમામ (નગરપાલીકા વિસ્તાર)<br><br>સંકલન/મદદ:– નાયબ માહિતી નિયામકશ્રી, જુનાગઢ |



D:\HOME - C - NEW\JAHERNAMA\CRPC-144\UTTARAYAN\UTTARAYAN-LETTER.docx

GENERAL REGISTER
Inward No. 215
Date 13/1/23

| | | |
|---|---|---|
| ૪ | શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે આ અંગેનાં Awareness Program નું આયોજન કરવું. | –રજીસ્ટ્રારશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ<br>–રજીસ્ટ્રારશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ<br>–જિલ્લા માધ્યમિક શિક્ષણાધીકારીશ્રી, જુનાગઢ<br>–જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી, જુનાગઢ |
| ૫ | ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા, ચાઈનીઝ લેન્ટર્સનાં વેચાણ/ સંગ્રહ/ ઉત્પાદન અને ઉપયોગ અંગે નાગરિક પાસે કોઈ માહિતી ઉપલબ્ધ હોય તો તેની વિગતો આપવા માટે Helpline ચાલુ કરવી. | –પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ |
| ૬ | ઉકત ચાલુ કરાયેલ હેલ્પલાઈન ઉપર જાહેર જનતા ફરીયાદ રજુ કરી શકશે તેવી સુચના સત્વરે બહાર પાડવી તથા તેની બહોળી પ્રસિધ્ધી કરવી. | –પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ<br>–નાયબ માહિતી નિયામકશ્રી, જુનાગઢ |
| ૭ | સરકારશ્રીનાં ગૃહ વિભાગ, ગાંધીનગરનાં તા.૦૨/૦૧/૨૩ નાં પત્ર/ઈમેઈલ સાથેનાં પત્રકમાં દર્શાવ્યાનુસારની પત્રક અ, બ, ક, ડ મુજબની માહિતી દૈનિક ધોરણે મોકલવી. | <u>પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ</u><br>પો.અધિ.શ્રી, જુનાગઢએ દૈનિક પત્રકમાં વિગતો તૈયાર કરી અત્રેની જાણ હેઠળ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરને માહિતી મોકલી આપવી. |
| ૮ | ચાલુ કરાયેલ હેલ્પલાઈન ઉપર નોંધાયેલ ફરીયાદોની જિલ્લા વાર સંકલીત માહિતી અલગ પત્રકમાં તૈયાર કરી દૈનિક ધોરણે મોકલવી. | <u>પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ</u><br>પો.અધિ.શ્રી, જુનાગઢએ દૈનિક પત્રકમાં વિગતો તૈયાર કરી અત્રેની જાણ હેઠળ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરને મોકલી આપવી. |

ઉકત વિગતો નિગાહે લઈ, સદર બાબતે નામ. હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ સુચનાનુસાર તથા દિશાનિર્દેશો ધ્યાને લઈ ટોચઅગ્રતા આપી ચુસ્તપણે અમલવારી કરવા વિનંતી છે.

બિડાણઃ ઉપર મુજબ

(એલ. બી. બાભણીયા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જુનાગઢ જિલ્લો, જુનાગઢ

નકલ રવાનાઃ–
(૧) સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, તમામ (જુનાગઢ જિલ્લો)
(૨) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, તમામ (જુનાગઢ જિલ્લો)
(૩) મામલતદારશ્રી, ડિઝાસ્ટર, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ભવન, જુનાગઢ

–નામ. ગુજ. હાઈકોર્ટ તથા સરકારશ્રી કક્ષાએથી થઈ આવેલ સુચનાઓ નિગાહે લઈ લગત બાબતો પરત્વે જરૂરી કાર્યવાહી થવા સારૂ..

<u>નકલ સવિનય રવાનાઃ–</u>
અધિક સચિવશ્રી, કા.વ્ય.,
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર

**HIGH COURT MATTER**

**TOP PRIORITY**

ક્રમાંક:-વિ-૨/ડીએસએમ/૧૩૨૦૧૫/એચ.સી.૦૨(પા.ફા.)
ગૃહ વિભાગ(વિશેષ),
સચિવાલય, ગાંધીનગર.
તા..

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,
- સર્વે મ્યુનિસીપલ કમિશ્નરશ્રી,
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી,

<u>વિષય</u>:- ચાઇનીઝ દોરા, માંજ, નાયલોન દોરા,ચાઇનીઝ લેન્ટર્નના ઉપયોગ પર મૂકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા તથા લોકજાગૃતિ માટે જરૂરી પગલાં લેવા બાબત. .

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ઉત્તરાયણ દરમ્યાન ચાઇનીઝ દોરા, માંઝા તથા અન્ય નુક્શાનકારક પદાર્થોથી બનેલ વસ્તુ પર પ્રતિબંધ મુકવાની માંગણી સાથે ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ પીટીશનની આજ તા.૦૭.૦૧.૨૦૨૩ના રોજ સુનાવણી દરમિયાન નામ.કોર્ટ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ તથા આપવામાં આવેલ દિશાનિર્દેશ ધ્યાને લેતાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

(૧) ચાઇનીઝ દોરા, માંજ, નાયલોન દોરા,ચાઇનીઝ લેન્ટર્નના ઉપયોગથી લોકો, પશુ-પક્ષી,પર્યાવરણથી થતાં નુક્શાન અંગે તથા તેના પર રાજ્ય સરકાર દ્વારા મુકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન થાય તે માટે લોક જાગૃતિ કેળવવા,

- સોશિયલ મીડીયા ઉપરાંત પ્રિન્ટ મીડીયા, ઇલેક્ટ્રોનીક મીડીયા, ટીવી ચેનલનો અસરકારક ઉપયોગ કરવો.
- જ્યાં મોટા પ્રમાણમાં લોકો એકત્ર થતાં હોય તેવા સ્થળોએ public announcement system નો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવો.
- સમગ્ર રાજ્યમાં લગાવવામાં આવેલ LED screen પર આ બાબતે સમયાંતરે audio-visuals પ્રસારિત થાય તે માટે વ્યવસ્થા ગોઠવવી.
- શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે આ અંગેના awareness program નું આયોજન કરવું.

(૨) ચાઇનીઝ દોરા, માંજા, નાયલોન દોરા,ચાઇનીઝ લેન્ટર્નના વેચાણ/સંગ્રહ/ઉત્પાદન અને ઉપયોગ અંગે નાગરિક પાસે કોઇ માહિતી ઉપલબ્ધ હોય તો તેની વિગતો આપવા માટે Helpline ચાલુ કરવી.

૨. ઉકત દિશાનિર્દેશ સંબંધમાં તા.૦૯.૦૧.૨૦૨૩ના રોજ નામ. હાઇકોર્ટ સમક્ષ વિગતો રજૂ કરવાની રહે છે. જે અન્વયે પારા ૧(૧)માં જણાવેલ બાબતો અંગે ત્વરીત કાર્યવાહી કરવા, જયારે પારા ૧(૨) સંબંધમાં ફોન નં. ૧૦૦ પર આ પ્રકારની ફરિયાદ રજુ કરી શકાશે તેવી સુચના સત્વરે

**(P.T.O.)**

બહાર પાડી તેની બહોળી પ્રસિધ્ધી કરવા અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા તથા આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો ગૃહ વિભાગને મોકલી આપવા વિનંતી છે.

વધુમાં પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી -ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરી દ્વારા ગૃહ વિભાગના તા.૦૨.૦૧.૨૦૨૩ના પત્ર/ઇમેલ સાથે સામેલ પત્રક અ,બ,ક,ડ મુજબની સમગ્ર રાજ્યની રોજે રોજની ૦૦.૦૦ થી ૨૪.૦૦ કલાકની જિલ્લાવાર સંકલિત માહિતી તથા પારા ૧(૨) સંબંધમાં ફોન નં. ૧૦૦ પર મળેલ ફરિયાદોની જિલ્લાવાર સંકલિત વિગતો અલગ પત્રકમાં ગૃહ વિભાગને દૈનિક ૧૨.૦૦ કલાક સુધીમાં (તા.૧૬.૦૧.૨૦૨૩ સુધી દૈનિક ધોરણે) બિનચૂક રીતે ઇ - મેઇલથી (so-sb2-home@gujarat.gov.in, us-lno1-home@gujarat.gov.in ) મોકલી આપવા ઉચિત વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ભરત વૈષ્ણવ)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

**નકલ જરૂરી કાર્યવાહી અર્થે રવાનાઃ-**

- અગ્ર સચિવશ્રી – શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
- અગ્ર સચિવશ્રી – શિક્ષણ વિભાગ

**નકલ રવાનાઃ-**

- માહિતી કમિશ્નરશ્રી

બ્લોક નં.૧૯ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૨/- પ્રસ્તુત બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવાની વિનંતી સહ.